# બાળકો અને યુવાનોને લગતી કોવિડ-19 રસી ફૅક્ટ શીટ

12થી 17 વર્ષની વયના બાળકો અને યુવાનોના કોવિડ-19 રસીકરણ વિશે જાણવા જેવી 10 બાબતો અહીં આપી છે.

1. **12 વર્ષ અને તેથી વધુ વયના બાળકો અને યુવાનો માટે રસીકરણ સલામત અને અસરકારક હોય છે.**

   રસીઓ એક સુરક્ષિત, અસરકારક અને શ્રેષ્ઠ માર્ગ છે જે કોવિડ-19થી સલામત રાખે છે.

   હેલ્થ કૅનેડાએ Pfizer-BioNTech રસીને યુવાન લોકો જે 12થી 17 વર્ષના હોય તેમના માટે અધિકૃત કરી છે અને નક્કી કર્યું છે કે યુવાન લોકો માટે તે સુરક્ષિત છે અને તેની કોઈ પણ ગંભીર આડઅસરો નથી હોતી.

   યુનાઇટેડ સ્ટેટ્સમાં Pfizer-BioNTech રસીના લગભગ 3 મિલિયન ડોઝ અત્યાર સુધીમાં 12થી 17 વર્ષની ઉંમરની વ્યક્તિઓને આપવામાં આવ્યા છે. આ વય જૂથમાં કોઈ પણ ગંભીર આડઅસરો જાણવા મળી નથી.

   તબીબી પરીક્ષણોમાં, Pfizer-BioNTech રસી 12 અને તેથી વધુનાઓને કોવિડ-19 થી બચાવવામાં ખૂબ જ અસરકારક હોવાનું સામે આવ્યું છે. યુવાન લોકો રસીકરણ પછી ઘણી વાર ખૂબ જ સારી રોગપ્રતિકારક શક્તિ મેળવી શકે છે અને પરિણામરૂપે તેમને મજબૂત સુરક્ષા મળે છે.

2. **બાળકો, પુખ્ત વયના લોકોની જેમ, થોડા સમય માટેની આડઅસરોનો અનુભવ કરી શકે છે.**

   રસીકરણ મેળવ્યા પછીની આડઅસરો દરેક વ્યક્તિ માટે જુદીજુદી હોય છે, અને મોટાભાગની હળવી અને સરળતાથી સહન કરી શકાનારી છે. ઉપરના કાંડા પર આપેલી વૅક્સીનની જગ્યા પર તમારું બાળક કોમળતા અથવા પીડા જોઈ શકે છે. તેઓને થાક, માથાનો દુખાવો, સ્નાયુઓમાં કે સાંધાઓમાં સતત હળવું દર્દ, અને તાવ સાથે ઠંડી પણ લાગી શકે. આ આડઅસરો સામાન્ય રીતે 1 થી 3 દિવસમાં તો જતી રહે છે. તેઓ એક સકારાત્મક સંકેત પણ હોય છે કે રસી કામ કરવાનું શરૂ કરી રહી છે.

3. **બાળકો અને યુવાનો માટે રસીઓ મહત્વની છે કારણ કે તેઓને કોવિડ-19 નો ચેપ લાગી શકે છે અને બીજામાં પણ તે ફેલાવી શકે છે, પછી ભલે તેમનામાં તેના કોઈ લક્ષણો પણ ન હોય.**

   બાળકો જેમને કોવિડ-19 થાય છે તેમને સામાન્ય રીતે હળવા લક્ષણોનો અનુભવ થાય છે - જોકે, બીજા લોકો ખૂબ માંદા થઈ શકે છે, હૉસ્પિટલમાં જવું પડે છે અને તેઓ વધારે ગંભીર અને લાંબા સમય સુધી ચાલે તેવા લક્ષણોનો અનુભવ કરી શકે છે. ખૂબ જ વિરલ કિસ્સાઓમાં, વાયરસ બાળકોના મૃત્યુનું કારણ પણ બની શકે છે. બાળકો બીજાઓને પણ આ રોગનો ચેપ આપી શકે છે, જે લોકો માંદગીનું ખૂબ વધારે જોખમ ધરાવતા હોય.

4. **મોટાભાગના લોકો માટે આ વૅક્સીન ઘણી જ સુરક્ષિત છે, જેમાં તેવા લોકોનો પણ સમાવેશ થાય છે જેમને કોઈ ખાસ તબીબી પરિસ્થિતિ (મેડિકલ કન્ડિશન) પણ હોય.**

   વ્યક્તિઓ જે એવી દવાઓના ઉપચારો કરતા હોય જેનાથી તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી ગઈ હોય અથવા તેવા લોકો જેમને વૅક્સીનના કોઇ પણ તત્વોની એલર્જી હોય

તેમણે તેમના હેલ્થકૅર પ્રોવાઈડર (આરોગ્ય સંભાળ પ્રદાતા)ની સલાહ લેવી જોઈએ. કોવિડ-19 વૅક્સીન ઈંડાં, જેલેટિન (પોર્ક), ગ્લુટેન (ધાન્યના લોટનું જૈવિક દ્રવ્ય), લેટેક્સ (કુદરતી રબર), પ્રિઝર્વેટિવ્સ (પરિરક્ષક), ઍન્ટિબાયોટિક્સ કે એલ્યુમિનિઅમ ધાતુ ધરાવતી <u>નથી</u>.

કારણ કે, જે લોકોને મેડિકલ કન્ડિશન (તબીબી સ્થિતિ) હોય છે તેમને જો તેઓ કોવિડથી સંક્રમિત હોય તો વધુ બીમાર થવાનું જોખમ ઘણી વાર વધારે હોય છે, એટલે અમે આ વ્યક્તિઓને શક્ય તેટલી વહેલી તકે રસી લેવા માટે મજબૂત રીતે પ્રોત્સાહિત કરીએ છીએ.

પુખ્ત વયના લોકોમાં, રસી પ્રત્યે એલર્જીક પ્રતિક્રિયાઓ ભાગ્યે જ મળે છે. હાઇવ્સ (ફોલ્લીઓ), ચહેરા, જીભ અથવા ગળા પર સોજો અથવા શ્વાસ લેવામાં મુશ્કેલી જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

એકવાર રસી અપાયા પછી, કોઈ એલર્જીક પ્રતિક્રિયા આવે તે જોવા અને જો આવે તો તેની સારવાર માટે દરેકે રસીકરણ પછી 15 થી 30 મિનિટ સુધી ક્લિનિકમાં રહેવું જરૂરી છે.

હેલ્થ કૅનેડા (Health Canada) એ હજુ 12 વર્ષથી નીચેના બાળકો માટે કોવિડ-19 રસીઓની મંજૂરી આપી નથી.

5. **તમને રસી લેવાથી જ કોવિડ-19 થઇ શકે નહીં.**

Pfizer-BioNtech કોવિડ-19 રસી તમારા શરીરને જણાવે છે કે કેવી રીતે કોવિડ-19 વાયરસ પર જોવા મળતું હાનિવિહીન પ્રોટીન બનાવવું અને તેની સામે લડવા ઍન્ટિબોડીઝ બનાવવાનું શરૂ કરવું, જેથી એના સંપર્કમાં તમે આવો ત્યારે વાસ્તવિક વાયરસને કેવી રીતે ઓળખવો અને લડી લેવું તે તમારી રોગપ્રતિકારક શક્તિને ખબર પડશે.

6. **જો તમારા બાળકને પહેલાં કોવિડ-19 થયો હોય, તો પણ તે વૅક્સીન લઈ શકે છે.**

પહેલાં લાગેલ કોવિડ-19 ચેપ ફરીથી બીમાર થવા સામે થોડું રક્ષણ આપે છે, તેમ છતાં, એવું રક્ષણ કેટલો સમય ચાલશે તેની અમને ખબર નથી, અને આ જ વાયરસના નવા પ્રકારો સામે તે રક્ષણ નહીં પણ આપે. જો તમે કોવિડ-19માંથી બહાર આવી (સાજા થઈ) રહ્યા છો, તો તમારે તમારા મોટાભાગના લક્ષણો જતા રહેઅને તમે આઈસોલેશન (સ્વ-એકલતા)માંથી બહાર આવી જાઓ ત્યાં સુધી વૅક્સિન મેળવવાનું મુલતવી રાખવું જોઇએ.

7. **હેલ્થ કાર્ડની જરૂર નથી.**

જો તમારા બાળક પાસે હેલ્થ કાર્ડ ન હોય, તો તમારે ઓનલાઇનને બદલે તમારી એપોઇન્ટમેન્ટ ફોન પર બુક કરવાની જરૂર પડી શકે છે, અને તમે તમારા બાળકનું નામ, જન્મ તારીખ અને સરનામું દર્શાવતો પત્ર મેળવવા માટે તમારી શાળા, તબીબી પ્રદાતા અથવા ધાર્મિક આગેવાનથી સાથે વાત કરી શકો છો.

જો તમારા બાળક પાસે હેલ્થ કાર્ડ હોય, તો તેઓએ એપોઇન્ટમેન્ટ વખતે લાવવું જોઈએ.

8. **જો શક્ય હોય તો, એકલી કોવિડ-19 રસી જ અને અન્ય રસીઓથી અલગ સમયે આપવી જોઈએ.**

અન્ય રસીઓનો સમયક્રમ કોવિડ-19 રસીના 14 દિવસ પહેલા અથવા 28 દિવસ પછી જ રાખવો જોઈએ. જો તમે તમારા બાળકના ઈમ્યૂનાઈઝેશનોમાં પાછળ રહી ગયા હો તો, કૃપા કરી તેમના હેલ્થકૅર પ્રોવાઈડર (આરોગ્ય સંભાળ પ્રદાતા)નો સંપર્ક કરો, જેથી યોજના કરી તમારી બધી વૅક્સીનોનો સમયક્રમ સરખો કરી શકાય.

9. **માહિતી-આધારિત મંજૂરી સાથે વૅક્સીનો આપવામાં આવે છે.**

વ્યક્તિની, જેમાં 12 થી 17 વર્ષના લોકોનો પણ સમાવેશ થાય છે, માહિતી-આધારિત મંજૂરી હોય તો જ કોવિડ-19 વૅક્સીનો આપવામાં આવે છે, અને જ્યાં સુધી આ નિર્ણય લેવામાં તેઓ સક્ષમ હોય ત્યાં સુધી. આનો અર્થ થયો કે, તેઓ સમજે છે કે ઉપચાર શું છે, શા માટે તેમને સૂચવવામાં આવ્યો છે, અને તેના જોખમો તથા લાભો શું છે જો તેઓ વૅક્સીન લેવાનું મંજૂર કરે અથવા તેના માટે ના કહે. જો વ્યક્તિ વૅક્સીન મેળવવા માટે સંમતિ આપવા માટે અસમર્થ હોય, તો તેમને તેમના માતાપિતા અથવા કાનૂની વાલી જેવા તેમના બદલે નિર્ણય લેનાર પાસેથી સંમતિની જરૂર પડશે.

હેલ્થકેર પ્રોવાઈડર (આરોગ્ય સંભાળ પ્રદાતા) અને પરિવારે યુવાન વ્યક્તિના રસીકરણ માટેના નિર્ણયનો આદર કરવો જોઈએ. માતાપિતા અને વાલીઓને પોતાનાં બાળકો ક્લિનિકમાં હાજર થાય તે પહેલા જ રસીકરણ પર ચર્ચા કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. કોવિડ-19 રસીકરણ ઑન્ટેરિયોમાં જે પણ લાયક હોય તેમના માટે મરજિયાત છે.

**10. કોવિડ-19 વૅક્સીન (રસી) મેળવવાથી તમારા બાળકને તેની મનપસંદ પ્રવૃત્તિઓ ફરીથી શરૂ કરવા માટે મદદ મળે છે, જેથી તેમનું માનસિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે છે.**

વૅક્સીનેશન એક મહત્ત્વનું સાધન છે જે કોવિડ-19ના ફેલાવાને રોકવામાં મદદ કરે છે અને વિદ્યાર્થીઓ તથા પરિવારોને સુરક્ષિત રીતે સામાન્ય પ્રવૃત્તિઓને ફરીથી શરૂ કરવાની છૂટ આપે છે.

જ્યારે પૂરતા લોકોને કોવિડ-19થી સુરક્ષા મળશે, ત્યારે તમારા બાળકને ચેપનું જોખમ ઓછું થતું જશે. માસ્ક પહેરવાની, શારીરિક અંતર જાળવવાની અને અન્ય સાવચેતીઓની સાથે સાથે રસીઓ, વ્યાપક સમુદાયના આરોગ્યને રક્ષણ આપવામાં મદદ કરશે. જ્યારે કોવિડ-19નો દર વ્યાપક સમુદાયમાં નીચે આવી જશે, ત્યારે જ બાળકો અને યુવાનો માટે સામાન્ય પ્રવૃત્તિઓ ફરીથી કરવાનું શક્ય બનશે.

**કોવિડ-19 અને રસીઓ વિષે વધુ માહિતી અને સંસાધનો માટે:**

- **કોવિડ-19 રસીનું માહિતી પત્રક**
- **કોવિડ-19 તમારી કોવિડ-19 રસી મુલાકાત વિષે** તમારે શું જાણવું જરૂરી છે
- 300થી વધુ ભાષાઓમાં મદદ અને માહિતી મેળવો. કોવિડ-19 રસી વિશેની માહિતી માટે **1-888-999-6488 (TTY: 1-866-797-0007)** પર ફોન કરો. ફોન લાઇન સવારે 8:00થી રાત્રે 8:00 વાગ્યાની વચ્ચે, અઠવાડિયામાં 7 દિવસ ઉપલબ્ધ છે. તમારી ભાષા માગવા 3 દબાવો. જો ફોન કરનારાઓ વધારે હોય તો તમારે કોઈની સાથે વાત કરવા રાહ જોવી પડી શકે.